ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૦ મે, ૨૦૨૬

# MET Gala 2026

# સૉફ્ટ પાવરના મંચ પર ભારતનો 'આર્કિટેક્ચરલ' વિજય

**બહુશ્રુત**

**ચિરંતના ભટ્ટ**

દર વર્ષે મે મહિનાના પહેલા સોમવારે ન્યૂયોર્કનું મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટ (The Met) વિશ્વનું સૌથી વધુ ચર્ચિત સ્થળ બની જાય છે. મેટ ગાલા કોઈ સામાન્ય ફેશન શો કે એવોર્ડ સેરીમની નથી; આ એક એવું પરફોર્મન્સ છે જ્યાં મહેમાનો પોતે જ કળા સમાન હોય છે અને રેડ કાર્પેટ એક જીવંત કેનવાસ બને છે.

1948માં સાવ સાધારણ રીતે મેટ ગાલાની શરૂઆત થઈ હતી. વૉલ્ડોર્ફ ઓસ્ટ્રીયામાં મધરાતના જમણની કિંમત ત્યારે પચાસ ડોલર્સ હતી અને ન્યૂયોર્કની હાઇ સોસાયટી અને ફેશન ઉદ્યોગના ઇનસાઈડર્સ તેમાં આવ્યા. એલિનોર લેમ્બર્ટ, એક તેજસ્વી અને ચકોર પબ્લિસિસ્ટ હતાં જેમને મેટ્રોપોલિટન મ્યુઝિયમના કોશ્ચ્યુમ ઇન્સ્ટિટ્યૂટ માટે ભંડોળ એકઠું કરવું હતું. વર્ષોમાં કોઈને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે 2026માં થનારા મેટ ગાલાની એક જ રાતમાંથી $42 મિલિયન ડોલરની આવક થશે. લેમ્બર્ટની ચાહ માત્ર એટલી હતી કે દુનિયા ફેશનને સિરિયસ આર્ટ ગણે.

1972માં 'વોગ'ના લેજેન્ડરી ભૂતપૂર્વ એડિટર ડાયના વ્રિલેન્ડનું આગમન થયું અને તે આ કોશ્ચ્યુમ ઈન્સ્ટિટ્યૂટનાં કન્સલ્ટન્ટ બન્યાં. વ્રીલેન્ડે થીમ આધારિત એક્ઝિબિશનની શરૂઆત કરી. દર વખતે કોઈ નવા વિચારની આસપાસ ક્યુરેશન થાય, સંકલ્પના થાય અને દરેક મહેમાને તેની સાથે મેળ ખાય એ રીતે વસ્ત્રો પહેરવાનાં. એલિઝાબેથ ટેલર, એન્ડી વૉર્હૉલ, બિઆન્કા જેગર જેવાં મોટાં માથાંને આમંત્રણો અપાયા અને એ સાથે ગ્લેમરે મેટ ગાલામાં એન્ટ્રી મારી અને એ પછી આજ સુધી એક્ઝિટ નથી લીધી.

એ પછી વોગના એના વિન્ટૂરે 1995માં મેટ ગાલાનું સુકાન સંભાળ્યું તેમણે મેટ ગાલાને 'ફેશન વિશ્વનું ઓલિમ્પિક' બનાવ્યું. સેલિબ્રિટીઝ, એથલિટ્સ, રાજારાણીઓ, ટેક ફાઉન્ડર્સ અને દરેક ખંડના કલ્ચર આઇકન્સ મેટ ગાલાના ગેસ્ટ લિસ્ટમાં હતા. તેમણે અમુક નિયમો પણ ઘડ્યાં, જેમ કે અઢાર વર્ષથી ઓછી ઉંમરનાને પ્રવેશ ન આપવો, કાંદા-લસણને નો એન્ટ્રી, સ્મોકિંગ ન કરવું વગેરે. આજે અહીં પ્રવેશ મેળવવા માટે એના વિન્ટૂરની અંગત મંજૂરી અનિવાર્ય છે. આજે મેટ ગાલા એ સુપર બોલ કરતાં બમણી મિડીયા ઈમ્પેક્ટ વેલ્યુ ઉપજાવે છે. મેટ ગાલાના પગથિયાં પર પહેરાયેલો એક 'લૂક' કોઈ ડિઝાઇનરની આખી કારકિર્દી ઘડી શકે છે.

તમને થતું હશે કે મેટ ગાલામાં લોકો તૈયાર થાય એ તો ઠીક છે પણ ચિત્ર-વિચિત્ર વાઘાં કેમ કાઢતાં હશે? મેટ ગાલાના થીમની માંગણી જ એવી છે, આ કોઈ બ્લેક ટાઈ ઑકેઝન નથી, આ એક કોન્સેપ્ચ્યુઅલ થિએટર છે, ત્યાં જવું એક પરફોર્મન્સ છે. 2026નો થીમ હતો 'કોશ્ચ્યુમ આર્ટ' અને ડ્રેસ કોડ હતો 'ફેશન ઇઝ આર્ટ'. અહીં પહેરાતા વસ્ત્રો માત્ર કપડાં નથી, પણ હજારો કલાકની મહેનત અને કૌશલ્યનો દસ્તાવેજ છે. દરેક મહેમાને પોતાના શરીરને હરતું ફરતું એક્ઝિબિશન જ બનાવવાનું હતું. ત્યાં પહેરાતા ડ્રેસ એક થીસિસ છે તો પાછળ પહેરાતાં લાંબા કેપ કે ખભાની આસપાસ ફેલાયેલું ડિઝાઈનર બખ્તર એક મેનિફેસ્ટો છે, તે એક સ્ટેટમેન્ટ છે. આ તમામ વસ્ત્રો એમ પોકારી રહ્યાં છે કે કૌશલ્ય પણ કળા જેટલું જ અગત્યનું હોય અને તેને પણ મ્યુઝિયમમાં જગ્યા મળવી જ જોઈએ. આ વર્ષના મેટ ગાલામાં કૌશલ્યને મહત્ત્વ આપવાની સૌથી સચોટ દલીલ ભારતે કરી છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.



**સેલિબ્રિટીઝ, એથલિટ્સ, રાજારાણીઓ, ટેક ફાઉન્ડર્સ અને દરેક ખંડના કલ્ચર આઇકન્સ મેટ ગાલાના ગેસ્ટ લિસ્ટમાં હતા. તેમણે અમુક નિયમો પણ ઘડ્યાં, જેમ કે અઢાર વર્ષથી ઓછી ઉંમરનાને પ્રવેશ ન આપવો, કાંદા-લસણને નો એન્ટ્રી, સ્મોકિંગ ન કરવું વગેરે**

2026ના મેટ ગાલામાં ભારતે માત્ર હાજરી નથી નોંધાવી, પણ પોતાની સાંસ્કૃતિક સત્તા સાબિત કરી છે. કરણ જોહરે મનીષ મલ્હોત્રાનું સર્જન 'ફ્રેમ્ડ ઇન ઇટર્નિટી' પહેર્યું. 86 દિવસની મહેનત અને રાજા રવિ વર્માની કૃતિઓથી પ્રેરિત એ પરિધાન ભારતીય ચિત્રકળાના પિતાને એક અંજલી સમાન હતું. રાજા રવિ વર્મા 19મી સદીના પહેલા ભારતીય ચિત્રકાર હતા જેમણે હિન્દુ પૌરાણિક પાત્રોને યુરોપિયન એકેડેમિક પેઇન્ટિંગની શૈલીમાં ઢાળ્યાં હતાં.

ઇશા અંબાણીએ ગૌર ગુપ્તાએ અને સ્વદેશ ફાઉન્ડેશનના સહયોગથી બનેલી સાડી પહેરી જેને બનાવવામાં 1200 કલાક લાગ્યા, 25 કારીગરોએ તેની પર કામ કર્યું હતું. તેના પરિધાનમાં હાથે રંગેલી પિછવાઈ હતી, સ્ટ્રક્ચર્ડ કેપ હતું. મેટના પગથિયાં પર હોત કુતુર (haute couture) ઉચ્ચ સ્તરની ફેશનમાં પિછવાઇ જોવી એટલે જાણે મંદિરની દિવાલ ત્યાં પગથિયાં પર ખડી થઇ ગઇ તેમ લાગ્યું. સુધા રેડ્ડી કલમકારીથી ઇન્સ્પાયર્ડ પીસ 'ધી ટ્રી ઓફ લાઇફ' લાવ્યાં, જેમાં 90થી વધુ કારીગરોએ મળીને 3459 કલાક કામ કર્યું હતું. મનીષ મલ્હોત્રાએ સ્વાભાવિક રીતે જ પોતાનું સર્જન પહેર્યું જેમાં 960 કલાક સુધી 50 કારીગરોએ કામ કરી કેપ તૈયાર કરી હતી જેમાં દરેક ટાંકા સાથે કારીગરોના નામ અને સહીં હતા. જયપુરના મહારાજા સવાઈ પદ્મનાભ સિંહે, કારીગરોએ 600 કલાકથી વધુ મહેનત કરીને તૈયાર કરેલ રાજસ્થાની ફૂલકારી સાથે કોટ પહેર્યો હતો. અનન્યા બિર્લાએ રોબર્ટ વુનની ડિઝાઈન પહેરી અને સાથે આર્ટિસ્ટ કસુબોધ ગુપ્તાએ તૈયાર કરેલ સ્ટ્રક્ચર્ડ માસ્ક પહેર્યું. સુબોધ ગુપ્તા વાસણોથી આર્ટ પીસ બનાવવા માટે વિશ્વ વિખ્યાત છે. તેમના કામ ટોટ મ્યુઝિયમથી માંડીને ગોગનહાઇમ સુધી પહોંચ્યા છે.

...અનુસંધાન પાના નં. 4 પર

## બાય ધી વે

એપ્રિલ 2023માં 'નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર' (NMACC) ખુલ્યું, ત્યારે તેને 'ભારતના મેટ ગાલા'નું ટેગ અપાયું હતું. અને એ સરખામણી યોગ્ય જ હતી, કારણ કે તે વીકએન્ડમાં મહેમાનોની યાદીમાં શાહરૂખ ખાન જેવા સ્થાનિક દિગ્ગજોની સાથે ઝેન્ડાયા, ટોમ હોલેન્ડ અને ગીગી હદીદ જેવા વૈશ્વિક સિતારાઓની હાજરીએ આંતરરાષ્ટ્રીય સ્તરની ચમક લાવી દીધી હતી. ત્યાંનું મુખ્ય પ્રદર્શન 'ઈન્ડિયા ઇન ફેશન' એ સદીઓથી પશ્ચિમી ડિઝાઈન પર ભારતીય કાપડ અને કારીગરીના પ્રભાવનો જીવંત પુરાવો હતું, બરાબર એ જ દલીલ, જે 2026માં ભારતીયોએ મેટ ગાલાના પગથિયાં પર કરી. જ્યારે ગીગી હદીદ અબુ જાની-સંદીપ ખોસલાના 8400 સ્વરોવસ્કી ક્રિસ્ટલ્સથી ઝળહળતા ગોલ્ડ-બીડ જરદોશી જેકેટમાં પહોંચી, ત્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે ભારત હવે બીજાઓના સૌંદર્યશાસ્ત્ર માટે માત્ર એક સંદર્ભ (Reference point) નથી, પણ પોતાની સાંસ્કૃતિક વાર્તાનું પોતે જ સક્રિય સર્જક બન્યો છે. મેટ ગાલા અને NMACCનું ઉદઘાટન એ માત્ર બે ઘટનાઓ નથી, પણ એક જ વિસ્તારિત નેટવર્કની જોડાયેલી કડીઓ છે. જ્યારે કરણ જોહર મેટ્રોપોલિટન મ્યુઝિયમના પગથિયાં પર રાજા રવિ વર્માને પહેરે છે, અને જ્યારે નીતા અંબાણી ભારતમાં ભારતીય હસ્તકળાના પ્રારંભ રૂપે 'ડિયોર' જેવી બ્રાન્ડને રજૂ કરે છે, ત્યારે દુનિયાના બંને છેડેથી એક જ વાત મજબૂતીથી કહેવાય છેઃ ભારતનો વારસો હવે કોઈ પૃષ્ઠભૂમિ નથી, પણ તે પોતે જ 'મેઈન ઇવેન્ટ' છે.

# સત્તાથી રાજ્ય સુધીનો પ્રવાસ

**નો નોનસેન્સ**

**રમેશ ઓઝા**



પાંચ રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓનાં પરિણામ જોતાં થોડી બહોળા કેનવાસ પર સમગ્રતામાં વાત કરવાની જરૂર ભાસે છે માટે આ લેખશ્રેણીઃ

જેની કોઈ રાજકીય ગણના નહોતી, જેની એક સમયે ઠેકડી ઉડાડવામાં આવતી હતી, જેની ભારત વિશેની કલ્પનાને શેખચલ્લીના ખ્વાબ તરીકે જોવામાં આવતો હતો એ લોકો ભારતીય રાજ્ય (સત્તા નહીં, રાજ્ય. સત્તા કબજે કરવી અને રાષ્ટ્રને કબજે કરવું એ બેમાં જમીન-આસમાનનો ફરક છે.) પર કબજો કેવી રીતે કરી શક્યા? મેં મારા એક લેખમાં કનૈયાલાલ મુનશીને ટાંક્યા હતા. તેમણે આઝાદીની પહેલી વર્ષગાંઠ નિમિત્તે એક લેખમાં કહ્યું હતું કે જો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સત્તા પર કબજો જમાવશે તો દેશમાં સંપૂર્ણપણે ફાસિસ્ટ રાજ્ય આકાર લેશે, પણ એવી શક્યતા નહીંવત્ છે. સંઘ ફાસીવાદી છે અને તેનો વિજય એટલે રાષ્ટ્ર/રાજ્ય પર કબજો એ વાત મુનશી અને તેમના જેવા બીજા અનેક લોકો જાણતા હતા, પણ એવું શું હતું કે તેઓ એવી શક્યતા નહીંવત્ જોતા હતા? આખરી પરિણામની તો જાણ હતી, પાક્કી ખાતરી હતી, પણ સંભાવના નહીંવત્ લાગતી હતી.

મેં જે અભ્યાસ કર્યો છે એમાં બે વ્યક્તિ મેં એવી જોઈ છે જે એ સમયે પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની બાબતમાં સાવધાન હતી. એક જવાહરલાલ નેહરુ અને બીજા વિનોબા ભાવે. આમ તો ત્રણ કહી શકાય. પહેલા મહાત્મા ગાંધી, પણ તેમની સામેનો સંદર્ભ સંસદીય સત્તાકીય રાજકારણનો નહોતો. ગાંધીજીની નિસ્બત અહિંસક સમાજરચના માટેની અને સાધનશુદ્ધિ માટેની હતી. તેમણે કહ્યું છે અને વિનાયક દામોદર સાવરકરનું તો નામ લઈને કહ્યું છે કે તેઓ હિંસામાં માને છે, એ પણ વળી સમી છાતીએ (બહાદૂર ક્રાંતિકારીઓની માફક) પોતે હિંસા કરવામાં માનતા નથી, પણ પાછળ રહીને હિંસા કરાવે છે અને સાધનશુદ્ધિમાં માનતા નથી. આ વાત તેમણે ૧૯૦૯માં મદનલાલ ઢીંગરાએ કર્નલ વાઈલીનું લંડનમાં ખૂન કર્યું ત્યારે 'ઇન્ડિયન ઓપિનિયન'માં લેખ લખીને કહી હતી અને પછી પણ બે-ચાર વાર કહી છે.

જવાહરલાલ નેહરુએ તો સંઘને ફાસિસ્ટ સંગઠન તરીકે અનેકવાર ઓળખાવ્યું છે. ગાંધીજીની હત્યા પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. એ પ્રતિબંધ ઉઠાવી લેવો જોઈએ કારણ કે ગાંધીજીના હત્યારા નાથુરામ ગોડસેનો સંઘ સાથે એ સમયે સીધો સંબંધ નહોતો એવું માનનારા કોંગ્રેસમાં અનેક લોકો હતા અને એ વાત સાચી પણ હતી. પરંતુ આ સિવાય પણ એક કારણ હતું. કોંગ્રેસની અંદરના જમણેરી નેતાઓને એમ લાગતું હતું કે આ સંગઠન ત્રણ રીતે કામની છે. એક તો તેઓ મુસ્લિમ કોમવાદને અંકુશમાં રાખી શકે એમ છે. બીજુ વખત આવ્યે તેઓ સામ્યવાદ અને સામ્યવાદીઓને ખાળવામાં મદદરૂપ થઈ શકે એમ છે અને ત્રીજુ તેઓ કોંગ્રેસની અંદર સમાજવાદી વિચારો ધરાવનારા ડાબેરી નેતાઓની વગ ઘટાડવામાં ઉપયોગી થઈ શકે એમ છે. કોઈકને મુસ્લિમ કોમવાદનો ભય હતો, કોઈકને સામ્યવાદનો ભય હતો અને કોઈકને કોંગ્રેસ સમાજવાદનો માર્ગ અપનાવે એ વાતનો ભય હતો. મોટાભાગના લોકોને આ ત્રણેય ભય એક સાથે સતાવતો હતો અને એ દરેક લોકોને એક વાતની તો ખાતરી હતી કે આ ગાંડીઘેલી વાતો કરનારી સંગઠન ક્યારેય સત્તા સુધી પહોંચી શકે એમ નથી. હિન્દુ ઝનૂની બની જ ન શકે. તેમની કલ્પનાનું ભારત હિન્દુ પીંડને માફક આવે એવું નથી. કનૈયાલાલ મુનશીએ તો ઉપર ટાંક્યો એ લેખમાં લખ્યું પણ હતું કે આ સંગઠન સામ્યવાદને ખાળવામાં મદદરૂપ થઈ શકે એમ છે. મુનશીએ તેમને "A Friend In Need" તરીકે ઓળખાવ્યા હતા. હા, એક વાતની ખાતરી હતી કે ન કરે નારાયણ અને જો તેઓ સત્તા પર કબજો કરે તો ફાસીવાદી શાસન અવશ્યંભાવી છે.

સરદાર પટેલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતા એમ. એસ. ગોલવલકરને સલાહ આપી હતી કે સંઘ કોંગ્રેસમાં જોડાઈ જાય. તેમનો ઈરાદો કોંગ્રેસની અંદરના ડાબેરીઓનો પ્રભાવ ખાળવાનો હતો. તેમણે એવી પણ સલાહ આપી હતી કે આ સારું તેમણે જવાહરલાલ નેહરુને રાજી કરવા જોઈએ. ગોલવલકર સાહેબે એવો પ્રયાસ કર્યો પણ હતો. તેમણે પોતાના નામે સંઘના મુખપત્ર 'ઓર્ગેનાઈઝર'માં નેહરુની પ્રસંશા કરતા લેખો લખ્યા હતા. એક બે નહીં, શ્રેણીબદ્ધ. આહા! નેહરુના આટલા અને આવા વખાણ તો તેમનાં માતાપિતાએ પણ નહીં કર્યા હોય! ભારતનો પનોતો પુત્ર, ગરીબોની આંખોનું નૂર અને બીજું શું નહીં!

નેહરુ પીગળ્યા નહોતા. તેમણે ઘસીને કોંગ્રેસમાં જોડાવાની ના પાડી દીધી. સંઘ ફાસીવાદી સંગઠન છે અને ફાસીવાદી કમજોર હોય તો પણ જોખમી છે એ નેહરુ જાણતા હતા અને એમ એકથી વધુ વખત કહ્યું પણ હતું. હિટલર અને તેનો પક્ષ પણ એક સમયે કમજોર હતા. ઝેરનાં પારખાં કરવાના ન હોય. નજીકના ભૂતકાળમાં જર્મની અને ઈટલીએ આનાં પારખાં કર્યાં અને પરિણામ જગતની સામે છે. ભારતમાં જવાહર નેહરુ એક એવા નેતા હતા જેઓ વિશ્વિક દષ્ટિકોણ (વર્લ્ડ વિઝન) ધરાવતા હતા. બીજા પણ એવા નેતા હતા, પરંતુ નેહરુનો વૈશ્વિક તેમ જ સાંગોપાંગ ઐતિહાસિક દૃષ્ટિકોણ દૃઢ હતો. આવા નેતાઓ તાત્કાલિક લાભાલાભથી દૂરનું જોઈ શકતા હોય છે. નેહરુએ કહ્યું હતું કે ફાસીવાદી ગમે એટલો કમજોર હોય અને દુશ્મનને ખાળવામાં ગમે એટલો ઉપયોગી હોય તેને આંગળી ન અપાય.

બીજા અને ગાંધીજીને ગણો તો ત્રીજા વિનોબા ભાવે. દિલ્હીમાં ગાંધીજીની હત્યા થઈ ત્યારે વિનોબા સેવાગ્રામ આશ્રમમાં હતા. તેમણે એ દિવસોમાં રોજ સાંજે ગાંધીજી વિષે અને ગાંધીજીની કલ્પનાના વૈશ્વિક સમાજ વિષે પ્રવચનો આપ્યાં હતાં. એ પ્રવચનો મનનીય હતાં. વિનોબાનો દૃષ્ટિકોણ નેહરુ જેવો વૈશ્વિક માનવતાવાદી નહોતો, પણ હિન્દુ દાર્શનિક માનવતાવાદી હતો. તેમણે કહ્યું હતું કે સંઘની વિચારધારા હિન્દુ પરંપરા સુસંગત નથી, પણ વિસંગત છે. તેઓ હિન્દુનો પીંડ બદલવા માગે છે. તેઓ હિન્દુ માનસ બદલવા માગે છે. તેઓ જન્મજાત ઉદારમતવાદી હિન્દુને સંકીર્ણ બનાવવા માગે છે. તેઓ હિન્દુને હિંસક બનાવવા માગે છે. તેમની પ્રેરણા વેદ ઉપનિષદ નથી, પણ પશ્ચિમની વિચારધારા છે. ગાંધીજીની હત્યા એ એજન્ડાના ભાગરૂપે કરવામાં આવી છે, કારણ કે ગાંધીજી પરિપક્વ હિન્દુ પરંપરાનું ફળ છે અને નવા યુગનું બીજ છે. તેમણે તેમની લાક્ષણિક શૈલીમાં કહ્યું હતું સેવાગ્રામથી નાગપુરનું અંતર બહુ ખાસ નથી, માટે સાવધાન રહેવાની જરૂર છે.

તેમણે એ વખતે તો નહીં, પણ અન્યત્ર એમ પણ કહ્યું હતું કે જે દેશે ઈતિહાસમાં ક્યારેય અખંડતા જોઈ નથી, જે દેશનું અનેક પ્રયત્નો પછી પણ કોમી વિભાજન થયું, જે દેશમાં વિવિધતાઓનો પાર નથી, જે દેશમાં ઊંચનીચની નિસરણી કલંકરૂપ છે એ દેશનું પ્રજાસત્તાક લોકતાંત્રિક અને આધુનિક દેશમાં રૂપાંતર કરવું એ રાજકીય

...અનુસંધાન પાના નં. 4 પર

## સિલી પોઈંટ

